અપીલ અરજી નં.૩૯૧ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા. ૧૪–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નં.ઈઝેડ/ આરટીઆઈ/ ૩૫૨ તા. ૧૯–૮–૧૧ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે રાઈટ ટુ એજયુકેશનનો કાયદો અમલમાં હોવા છતા, દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર ડીમોલેશન કરી વરાછાઝોને દલિત વસાહત ઝુંપડાવાસીઓને કોસાડ ખાતે ખસાડવામાં આવ્યા છે અને એ દલિત વસાહતમાં રહેનારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ૫ થી ૭માં ધોરણના બાળકોની પરીક્ષા ચાલતી હતી તે દરમ્યાન ગેરકાયદેસર દલિત વસાહત ઝુંપડપટ્ટી તોડી પાડવામાં આવેલ છે ? અને દલિત વસાહતમાં રહેતા પછાત વર્ગના ગરીબ વર્ગના નાગરિકોનાં બાળકો–ગેરકાયદેસર કરેલ ડીમોલેશન વરાછાઝોને કરેલ છે ? એના કારણે દલિત વસાહતનાં રહેતા ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપી શકેલા નથી ? એની જવાબદારી ગેરકાયદેસર ઝુંપડપટ્ટી તોડી પાડનાર વરાછાઝોનની જ છે ? એમાં કોઈ શંકાને સ્થાન નથી ? કયા કાયદાનાં આધીન ૫થી૭માં ધોરણના વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખવામાં આવ્યા એની માહિતી સમયમર્યાદામાં આપો વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૧/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા. ૧૪–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)નં.ઈઝેડ/ આરટીઆઈ/ ૩૫૨ તા. ૧૯–૮–૧૧ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે રાઈટ ટુ એજયુકેશનનો કાયદો અમલમાં હોવા છતાં, દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર ડીમોલેશન કરી વરાછાઝોને દલિત વસાહત ઝુંપડાવાસીઓને કોસાડ ખાતે ખસાડવામાં આવ્યા છે અને એ દલિત વસાહતમાં રહેનારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ૫ થી ૭માં ધોરણના બાળકોની પરીક્ષા ચાલતી હતી તે દરમ્યાન ગેરકાયદેસર દલિત વસાહત ઝુંપડપટ્ટી તોડી પાડવામાં આવેલ છે ? અને દલિત વસાહતમાં રહેતા પછાત વર્ગના ગરીબ વર્ગના નાગરિકોનાં બાળકો–ગેરકાયદેસર કરેલ ડીમોલેશન વરાછાઝોને કરેલ છે ? એના કારણે દલિત વસાહતનાં રહેતા ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપી શકેલા નથી ? એની જવાબદારી ગેરકાયદેસર ઝુંપડપટ્ટી તોડી પાડનાર વરાછાઝોનની જ છે ? એમાં કોઈ શંકાને સ્થાન નથી ? કયા કાયદાનાં આધીન ૫થી૭માં ધોરણના વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખવામાં આવ્યા એની માહિતી સમયમર્યાદામાં આપો વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ / આરટીઆઈ / આ.નં./ ૪૬૩,૪૬૪ તા. ૧૭–૧૦–૧૧થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા સાથે** અરજદાર તપાસણીના પ્રસ્તાવ અન્વયે તપાસણી માટે આવેલ કે કેમ ? જો આવેલ હોય તો રોજકામની નકલ પણ પુરી પાડવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૭ તા.૨૧–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા આરટીઆઈ કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ મર્યાદિત નાણાંકીય સાધનોનો મહતમ ઉપયોગ કરવા તથા કલમ–૭(૯)અનુસાર સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે,સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય એવું જણાવવામાં આવેલ હોય, જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે પછી શું નારાજગી છે ? આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવા સાથે વધુમાં તેમની અપીલ અરજીમાં મુળ અરજીની તા.૧૭–૧૦–૧૧ જણાવી જાહેર માહિતી અધિકારીના તા.૧૭–૧૦–૧૧ના નિર્ણયથી નારાજ હોવાનું જણાવેલ છે તે ધ્યાને લેતાં મુળ અરજીની નકલ સહ હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ/આ.નં.૪૬૪ તા.૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, બીપીએલ રેશન કાર્ડની ઝેરોક્ષની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬૩,૪૬૪ તા.૧૭–૧૦–૧૧ ના પત્રની નકલ તથા તે અંગેના પહોંચની રસીદ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૪–૯–૧૧ ની અરજીથી દલિત વસાહત ઝુંપડપટ્ટીના ડીમોલીશન અને તેમના કોસાડ ખાતે કરવામાં આવેલ ફાળવણી બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬૩,૪૬૪ તા.૧૭–૧૦–૧૧ થી સંયુકત જવાબમાં સદર અરજીનો આઈ ડી નં.૪૬૪ તા.૧૪–૯–૧૧ ની અરજીમાં મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રીતભાવથી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજીમાં અરજદારે મુળ અરજીની તા. ૧૭–૧૦–૧૧ જણાવેલ છે જયારે આપેલ માહિતી અંગેનો આઈ ડી ક્રમાંક ૪૬૪ તા.૧૭–૧૦–૧૧ નો જે પત્રથી નારાજગી વ્યકત કરતી અપીલ અરજી કરેલ છે. તે જોતાં સદર પત્ર ક્રમાંક વાળી મુળ અરજી તા.૧૪–૯–૧૧ છે. જેથી તેના આધારે અપીલનો નિકાલ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારને અપીલ તબકકે મુદ્દા નં.૧ માં ઈ.ઝેડ/આરટીઆઈ/૩૫૨ તા.૧૯–૮–૧૧ નો પત્ર પણ આરટીઆઈના નિયમ–૬ મુજબ રજૂઆત બાબતેનો સંદર્ભ જણાવવાનો રહે છે તે પણ જણાવવામાં આવેલ નથી. અરજદારની અરજીના મુદ્દા નં. (૧)નં.ઈઝેડ/ આરટીઆઈ/ ૩૫૨ તા. ૧૯–૮–૧૧ના રોજ આપેલ જવાબના અનુસંધાનમાં જણાવવાનું કે રાઈટ ટુ એજયુકેશનનો કાયદો અમલમાં હોવા છતાં, દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીનું ગેરકાયદેસર ડીમોલેશન કરી વરાછાઝોને દલિત વસાહત ઝુંપડાવાસીઓને કોસાડ ખાતે ખસાડવામાં આવ્યા છે અને એ દલિત વસાહતમાં રહેનારા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ૫ થી ૭માં ધોરણના બાળકોની પરીક્ષા ચાલતી હતી તે દરમ્યાન ગેરકાયદેસર દલિત વસાહત ઝુંપડપટ્ટી તોડી પાડવામાં આવેલ છે ? અને દલિત વસાહતમાં રહેતા પછાત વર્ગના ગરીબ વર્ગના નાગરિકોનાં બાળકો–ગેરકાયદેસર કરેલ ડીમોલેશન વરાછાઝોને કરેલ છે ? એના કારણે દલિત વસાહતનાં રહેતા ૩૯ વિદ્યાર્થી પરીક્ષા આપી શકેલા નથી ? એની જવાબદારી ગેરકાયદેસર ઝુંપડપટ્ટી તોડી પાડનાર વરાછાઝોનની જ છે ? એમાં કોઈ શંકાને સ્થાન નથી ? કયા કાયદાનાં આધીન ૫ થી ૭માં ધોરણના વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખવામાં આવ્યા એની માહિતી સમયમર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોનની કચેરી ધ્વારા મજકુર વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખવામાં આવ્યા નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) દલિત વસાહત ઝુંપડપટ્ટીનું તા.૧૧–૪–૧૧ ના રોજ જે ગેરકાયદેસર ઝુંપડા તોડી પાડવામાં આવેલ છે? વરાછાઝોનના અધિકારી જવાબમાં જણાવે છે કે દલિત વસાહતના ઝુપંડાવાસીઓએ સ્વૈચ્છિક ઈચ્છાથી મકાન ખાલી કરેલ હોય તો એવાના નામોની યાદી અમોને આપો. અગર વરાછાઝોનના અધિકારીએ સ્વેચ્છાએ ઝુંપડા ખાલી કરનારોના નામની યાદી અરજદારને નહી આપો તો વરાછાઝોને દલિત વસાહત ઝુંપડપટ્ટીનું ડીમોલીશન કરેલ છે. એની એ સાબીતી છે? અરજદારે તા.૧૧–૪–૧૧ ના રોજ જે દલિત વસાહતમાં ગેરકાયદેસર ડીમોલીશન થયું છે તેમાં ચીંધા આપા અખાડે એમના ઝુપંડાઓનું ડીમોલીશન થયેલ છે તેમના પીરવારોના કોના કોના નામે મકાન ફાળવામાં આવેલ છે? તેમજ મકાન ફાળવતી વખતે કયા પુરાવા એમની પાસે લેવામાં આવેલ છે? એની માહિતીની માંગણી અરજદારે કરેલી પરંતુ વરાછાઝોનના માહિતી અધિકારીએ અરજદારે માંગેલ માહિતી તો આપેલ નથી? ઉપરથી જવાબમાં એવું જણાવ્યું છે કે રજાના સિવાયના દિવસમાં કચેરીના કામકાજના સમયમાં ૪ થી ૬.૦૦ દરમ્યાન દફતરી ચકાસણી કરી માહિતી મેળવી એવી માહિતી અધિકારના કઈ કલમના અધિનિયમમાં આ જોગવાઈ છે? કે માહિતી અધિકારી માંગેલ માહિતી આપવાને બદલે પોતાની ઓફિસે અરજદારને માહિતી લેવા બોલાવે એ કલમ સાથે પુરાવા અમોને સમય મર્યાદામાં આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારા ધ્વારા માંગવામાં આવેલી માહિતી વિસ્તૃત પ્રમાણમાં હોવાથી તમો ચાલુ ઓફિસ દરમ્યાન વરાછાઝોનની કચેરીએ દફતરી ચકાસણી કરી શકો છો. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં માંગવામાં આવેલી માહિતી ખોટા બહાના હેઠળ આપેલ નથી તેવું જણાવેલ છે પરંતુ તે અંગે કોઈ વિગતો અપીલમાં જણાવેલ નથી. જે અંગે અત્રેથી આરટીઆઈ સેલ/૧૧૧૭ તા.૨૧–૧૧–૧૧ થી પત્ર પાઠવી તે અંગેની નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા અપીલ તબકકે તક આપવા છતાં અરજદાર તરફથી તેવી કોઈ વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારને અપીલ તબકકે વિસ્તૃત પ્રમાણની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે દફતરી ચકાસણીનો પ્રસ્તાવ કરવામાં આવેલ છે તે આરટીઆઈ કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા તથા કલમ–૭(૯)અનુસાર સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે,સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારને મુદ્દા નં.૧ બાબતે સરખા વિષય વસ્તુ અંગે અપીલ નં.૨૬૨/૨૬૩ અને મુદ્દા નં.૨ બાબતે અપીલ નં.૨૪૫ થી ૨૪૯ માં અત્રેથી હુકમો કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અરજદારને માંગેલ માહિતી પૂરી પાડી ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો આપેલ માહિતીના પ્રસ્તાવ મુજબ કલમ–૭(૯) સાથે આમુખની જોગવાઈ ''મર્યાદિત નાણાકીય સંશાધનો સહિતનું સરકારનું કાર્યક્ષમ સંચાલન'' ની બાબત ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૭(૫) સાથે નિયમ–૩ (૧) હેઠળ .બીપીએલ અરજદારના કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ કરેલ તપાસણીના પ્રસ્તાવ અનુસાર દિન–૭માં કચેરી કામકાજના સમય દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી અરજદાર મકાન ફાળવણી અંગેની દફતરી તપાસણી કરી તે દરમ્યાન જરૂરી યાદી ઉતારાની નકલ મેળવવા સ્વતંત્ર છે. અરજદારની માંગણી થયેથી હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,